DAY — 05 SEAT NUMBER | | | | | | |

2025	II	15	1100	J-280	(G)

ORGANISATION OF COMMERCE AND MANAGEMENT (51)

Time : 3 Hrs. **(4 Pages)** **Max. Marks : 80**

સૂચનાઓ : *(૧) બધાજ પ્રશ્નો ફરજિયાત છે.*
(૨) જમણી બાજુએ આપેલા અંક પ્રશ્નના પૂર્ણ ગુણ દર્શાવે છે.
(૩) ડાબી બાજુએ આપેલા અંક પ્રશ્ન ક્રમાંક દર્શાવે છે.
(૪) પ્રત્યેક પ્રશ્નના ઉત્તરની શરૂઆત નવા પાનાથી કરવી.

પ્ર. ૧. (અ) યોગ્ય પર્યાય પસંદ કરી ખાલી જગ્યા પૂરી વાક્ય ફરીથી લખો : (૫) **[૨૦]**

(૧) શાસ્ત્રીય વ્યવસ્થાપનનાં જનક તરીકે ..... ને ઓળખવામાં આવે છે.
(અ) હેન્રી ફેયોલ (બ) એફ.ડબ્લ્યુ. ટેલર (ક) ફિલીપ કોટલર

(૨) ..... સમય ઉપયોગિતા નિર્માણ કરે છે.
(અ) ગોદામ (બ) વાહન વ્યવહાર (ક) સંદેશવહન

(૩) વ્યાવસાયિક એ સમાજનો ..... હોય છે.
(અ) પ્રતિનિધિ (બ) સદસ્ય (ક) વિશ્વાસુ

(૪) 'બજાર' આ સંજ્ઞાની ઉત્પત્તિ ..... ભાષાના 'માર્કેટ્સ' શબ્દ ઉપરથી થઈ છે.
(અ) ફ્રેંચ (બ) લેટિન (ક) ઈટાલિયન

(૫) નુકશાન ભરપાઈનો સિદ્ધાંત ..... વીમામાં લાગુ પડતો નથી.
(અ) જીવન (બ) દરિયાઈ (ક) અગ્નિ

(બ) નીચે આપેલા વિધાનો માટે શબ્દ, શબ્દસમૂહ અથવા સંજ્ઞા સૂચવો. (૫)

(૧) યોગ્ય વ્યક્તિની યોગ્ય વેતનસહ યોગ્ય તે જગ્યા પર નિમણૂંક કરવી.

(૨) ઑનલાઈન વ્યવહારમાં પહેલું પગથિયું.

(૩) નફાથી પ્રેરિત થઈ કરવામાં આવતી કૃતિ.

(૪) વસ્તુ અથવા સેવાનો ઉપભોગ કરનાર.

(૫) એકાદ ઉત્પાદનને વિશિષ્ટ નામ આપવું.

(ક) નીચે આપેલા વિધાન ખરાં છે કે ખોટાં તે લખો : (૫)

(૧) વ્યવસ્થાપનનું પ્રત્યેક કાર્ય નિયોજન પર આધારિત હોતું નથી.

(૨) ઈ-વ્યવસાય જાગતિક સ્તર પર કોઈપણ ક્ષેત્રમાં કામ કરવાની પરવાનગી આપે છે.

(૩) વ્યવસાય નીતિશાસ્ત્ર એ નિયમાવલી છે.

(૪) ગ્રાહક સુરક્ષા કાયદો ઉત્પાદકને સંરક્ષણ આપે છે.

(૫) હવાઈમાર્ગ એ પરિવહનનું સૌથી સસ્તું માધ્યમ છે.

(ડ) વિસંગત શબ્દ શોધી લખો : (૫)

(૧) જિલ્લા આયોગ, રાજ્ય આયોગ, અશાસકીય સંસ્થા, રાષ્ટ્રીય આયોગ

(૨) નાબાર્ડ, આર.બી.આઈ., સિડબી, એક્ઝિમ

(૩) ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, એ.ટી.એમ. કાર્ડ

(૪) લેખન, નિયોજન, સંઘટન (Organising), કર્મચારી વ્યવસ્થાપન (Staffing)

(૫) કિંમત, વ્યક્તિ, વિક્રયવૃદ્ધિ, ઉત્પાદન

પ્ર.૨. નીચેની સંજ્ઞા / સંકલ્પના સ્પષ્ટ કરો (કોઈપણ <u>ચાર</u>) : **[૮]**

(૧) ગતિ અભ્યાસ (૨) નિયંત્રણ

(૩) બંધિત માલ વખાર (૪) ગ્રાહક સંરક્ષણ

(૫) ઈ-મેઈલ (૬) સમન્વય

પ્ર.૩. નીચેની ઘટના / પરિસ્થિતિનો અભ્યાસ કરી તમારો મત લખો (કોઈપણ બે) : **[૬]**

(૧) શ્રી શરદ એ વ્યાવસાયિક છે. તેમનાં પુના અને નાસિકમાં કારખાના છે. શ્રી શરદ કુટુંબસહ પુનામાં સ્થાયી છે. તેમને ૫ અને ૮ વર્ષની ઉંમરની બે પુત્રીઓ છે.

(અ) શ્રી શરદ તેમની પત્ની અને બન્ને પુત્રીઓ માટે જીવનવીમો લઇ શકે ?

(બ) શ્રી શરદ તેમના કારખાના માટે દરિયાઇ વીમો લઇ શકે ?

(ક) આગને લીધે કારખાનામાં થનાર નુકશાનની ભરપાઇ માટે શ્રી શરદ કયા પ્રકારનો વીમો લઇ શકે ?

(૨) શ્રી સુરેશે ચેક દ્વારા પૈસા આપ્યા અને તે જ સમયે શ્રી સક્ષમે ફંડ ટ્રાન્સફર (નિધિ વર્ગ) દ્વારા પૈસા આપ્યા.

(અ) કોના પૈસા ઝડપથી જશે ?

(બ) કોના પૈસા ચૂકવવાની પદ્ધતિ પારંપારિક વ્યવસાય સાથે સંબંધિત છે ?

(ક) કોના પૈસા ચૂકવવાની પદ્ધતિ ઈ-વ્યવસાય સાથે સંબંધિત છે ?

(૩) રંગ ઉત્પાદન કરનાર એક સંસ્થાએ ઘણાં વર્ષોથી બજારમાં અગ્રેસરનું સ્થાન મેળવ્યું છે. પ્રક્રિયા ન કરેલ ઝેરી સ્વરૂપના ટકાઉ પદાર્થ તેઓ નદી કિનારા પર ફેંકી દે છે. જેને લીધે આજુબાજુનાં ગામડાઓમાં અનેક આરોગ્યવિષયક સમસ્યાઓ નિર્માણ થઇ છે.

(અ) ઉત્પાદનકર્તા સંસ્થાએ કઇ જવાબદારી તરફ દુર્લક્ષ કરેલું છે ?

(બ) તે કયા પ્રકારનું પ્રદૂષણ કરે છે ?

(ક) સંસ્થાએ લેવાનો સાવચેતીનો કોઇપણ એક ઉપાય જણાવો.

પ્ર.૪. નીચે આપેલ તફાવત સ્પષ્ટ કરો (કોઇપણ ત્રણ) : **[૧૨]**

(૧) માર્ગ પરિવહન અને જળ પરિવહન

(૨) જીવન વીમો અને અગ્નિ વીમો

(૩) સંઘટન અને કર્મચારી નિયુક્તિ

(૪) જિલ્લા આયોગ અને રાજ્ય આયોગ

પ્ર.૫. નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો (કોઈપણ બે) : **[૮]**

(૧) હેન્રી ફેયોલના વ્યવસ્થાપનના કોઈપણ ચાર સિદ્ધાંત સ્પષ્ટ કરો.

(૨) ગ્રાહકોની કોઈપણ ચાર જવાબદારીઓ સ્પષ્ટ કરો.

(૩) બજાર(માર્કેટિંગ)ના કોઈપણ ચાર કાર્યો સ્પષ્ટ કરો.

પ્ર. ૬. નીચે આપેલા વિધાનો સકારણ સમજાવો (કોઈપણ બે) : **[૮]**

(૧) સંઘટન એ સંસ્થાના પ્રશાસન તેમજ વ્યાવસાયિક કાર્યને સુલભ બનાવે છે.

(૨) ગ્રાહક સુરક્ષા માટે ગ્રાહક સંઘટન અને અશાસકીય સંસ્થાની ભૂમિકા મહત્ત્વની છે.

(૩) પરંપરાગત વ્યવસાય કરતા ઈ-વ્યવસાયની સ્થાપના કરવી સરળ છે.

(૪) સમાજની વ્યવસાય પ્રત્યે અપેક્ષા બદલાતી રહે છે.

પ્ર.૭. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો (કોઈપણ બે) : **[૧૦]**

(૧) ઉદ્યોજકનાં કાર્યો સ્પષ્ટ કરો.

(૨) બજાર (માર્કેટિંગ)નું ગ્રાહક પ્રતિ મહત્ત્વ સ્પષ્ટ કરો.

(૩) વ્યવસ્થાપનના સિદ્ધાંતોનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

પ્ર.૮. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો (કોઈપણ એક) : **[૮]**

(૧) બજાર મિશ્રણ (માર્કેટિંગ મિક્સ) એટલે શું ? બજારી મિશ્રણના ૭ પી (7Ps) સ્પષ્ટ કરો.

(૨) બેંક એટલે શું ? વ્યાવસાયિક બેંકોનાં પ્રાથમિક કાર્યો સવિસ્તર સ્પષ્ટ કરો.

◆◆◆